**અગ્રતા ક્રમ : ૧૧**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૯**

**પ્રશ્નની વિગત: છેલ્લા બે વર્ષમાં વડોદરામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્મારક પ્રવાસન તરીકે વિકસાવવા અંગે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ**

**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી ચૈતન્યભાઈ મકરંદભાઈ દેસાઈ (અકોટા)**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- : શ્રી ચૈતન્યભાઈ મકરંદભાઈ દેસાઈ (અકોટા)**

**પૂરક પ્રશ્ન (૧) : તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ એ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ડો. બાબા સાહેબ આંબેડકર સ્મારક ખાતે પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસવવા માટેની કામગીરીની હાલની પરિસ્થિતિ શું છે?**

**જવાબ:**

**માન.અધ્યક્ષશ્રી**

ડૉ. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે વડોદરા જીલ્લાના કમાટીબાગ ખાતે તેવો દ્વારા દલિતો ની સેવા માટે જીવન અર્પિત કરવા અર્થે જે સંકલ્પ લેવામાં આવેલ તે સંકલ્પ ભૂમિનાં વિકાસ માટે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ મારફતે કલેકટર શ્રી વડોદરાને ને કુલ રૂ.૧૧.૮૧ કરોડની ગ્રાન્ટ ફાળવવા માં આવેલ.જેનું અમલીકરણ કલેકટરશ્રી

વડોદરા દવારા કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) પાસે કરાવેલ છે.

ઉપરોક્ત ગ્રાન્ટ તબદીલ થયેલ થી કલેકટર શ્રી વડોદરા દ્વારા માર્ગ અને મકાન વિભાગ મારફતે  કમ્પાઉન્ડ વોલ & રિટેનીંગ વોલ, એમ્ફી થીયેટર, ગેટ, ફ્લોરિંગ & લેન્ડસ્કેપીંગ,સુવેનિયર શોપ તથા મેડીટેશન સેન્ટર,એચવીએસી તથા સબસ્ટેશન, રોડ તથા પેવરબ્લોક, ફાયર સેફ્ટીની કામગીરી હાથ ધરવામાં આવેલ. સદર કામગીરી અર્થે  કુલ રૂ. ૧૦.૫૬ કરોડ નો ખર્ચે કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

હાલની પરિસ્થિતિ એ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ તરફથી ડો.બાબાસાહેબ આંબેડકર સ્મારક પાર્ટ -૨ માટે રૂ. ૧૪.૦૦ કરોડની ગ્રાન્ટમાં મંજુર કરેલ છે જે પૈકી રૂ.૧૨.૦૦ કરોડની ગ્રાન્ટ જીલ્લા કલેકટરશ્રીને ફાળવેલ છે. કલેકટરશ્રી વડોદરા દ્વારા કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ) પાસે સદર ગ્રાન્ટ પૈકી કમાટી બાગ સંકલ્પ ભૂમિ તથા કલ્યાણ નગર ખાતે આવેલ મેમોરીયલમાં ઈન્ટીરીયર તથા ફર્નીચર, વગેરે જેવી કામગીરી કરવા અર્થે આર્કિટેક્ટની નિમણુક કરી કામગીરી હાથ ધરેલ છે.

| |
|---|
| **અગ્રતા ક્રમ : ૧૧**<br>**તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૧૭૨૯**<br>**પ્રશ્નની વિગત: છેલ્લા બે વર્ષમાં વડોદરામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્મારક પ્રવાસન તરીકે વિકસાવવા અંગે કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ**<br>**પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ : શ્રી ચૈતન્યભાઈ મકરંદભાઈ દેસાઈ (અકોટા)** |
| **પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રી શૈલેશભાઈ મહેતા (ડભોઇ)** |
| **પૂરક પ્રશ્ન (૨) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ, વડોદરા જીલ્લામાં પ્રવાસન વિભાગ દ્વારા કઈ કઈ કામગીરી કરવામાં આવેલ છે?** |
| **જવાબ:**<br>**માન.અધ્યક્ષશ્રી**<br>તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ, વડોદરા જીલ્લામાં હાથ ધરેલ કામગીરીની વિગત:-<br><br>વડોદરા જીલ્લાના વઢવાણા ખાતે આવેલ બર્ડ સેન્ચુરી ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવા |

અર્થે કલેકટરશ્રી વડોદરાને રૂ. ૫૦૩.૪૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. સદર પ્રોજેક્ટ અંતર્ગત ગેસ્ટહાઉસ ,કીચનની સુવિધા,ફૂડકોર્ટની સુવિધા,શૌચાલયની સુવિધા તથા તેના જેવી અન્ય કામગીરી કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પૂર્ણ થયેલ છે તથા તે અર્થે કુલ ૫૦૩.૪૫ લાખનો ખર્ચ થયેલ છે.

આ ઉપરાંત વડોદરા જીલ્લાના ખાતે BAPS સંસ્થાનાં આગવી સંત પ્રમુખ સ્વામી મહારાજનાં જન્મ સ્થળ ચાણસદ ખાતે આવેલ તળાવનાં વિકાસની કામગીરી અર્થે સ્ટેચ્યુ ઓફ પ્રમુખ સ્વામી, પ્રાગટ્ય તીર્થ, મેમોરીયલ, પાર્કિંગ ,ગેટ, અક્ષર સેતુ, ઓરીયેન્ટેશન સેન્ટર, ફ્રુડ કોર્ટ જેવી વિવિધ કામગીરી અર્થે અંદાજીત રૂ. ૨૭.૦૦ કરોડનો ખર્ચ થયેલ છે જે પૈકી ગુજરાત સરકારનાં પ્રવાસન નિગમ દ્વારા રૂ.૧૦.૦૦ કરોડની ગ્રાન્ટ બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા,ચાણસદને ફાળવેલ છે. ઉપરોક્ત કામગીરીનું લોકાર્પણ તા. ૦૯/૦૪/૨૦૨૩નાં રોજ માન. મુખ્યમંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ છે તથા હાલમાં ઉક્ત કામગીરીની જાળવણી તથા નિભાવણી બી.એ.પી.એસ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

આ ઉપરાંત વડોદરા જીલ્લા ના ભાદરવા ખાતે આવેલ ચેહરમાતા ટેમ્પલ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવાની કામગીરી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. સદર

પ્રોજેક્ટ અંતર્ગત ગ્રાઉન્ડ વત્તા ૩ માળનું બિલ્ડિંગ, બોક્ષ કલવરટ, પથ્થરની કોતરણી, ફેબ્રિકેશન બ્રીજ જેવી કામગીરી કરવામાં આવેલ છે. ઉપરોક્ત કામગીરી અર્થે કુલ રૂ. ૧૧૫૬.૫૫ લાખનો ખર્ચ થયેલ છે તથા તા. ૨૧/૧૦/૨૦૨૨નાં રોજ માં. મુખ્યમંત્રીશ્રી દ્વારા તેનું ઈ - લોકાર્પણ કરવામાં આવેલ છે.

વધુમાં જણાવુંતો સાવલી ખાતે આવેલ કમળ તળાવ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવા અર્થે રૂ. ૭૪૦.૦૦ લાખની પ્રોજેક્ટ કોસ્ટ મંજુર કરેલ છે. સદર કામગીરીની ગ્રાન્ટ કલેકટરશ્રી વડોદરાને ફાળવેલ છે તથા તે અંતર્ગત તળાવની કાઠા નો વિકાસ, ઘાટ અને વોક-વે, ટોયલેટ બ્લોક, પાર્કિંગ, લેન્ડ સ્કેપિંગ, કમ્યુનીટી હોલ જેવી કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.

વિશેષમાં ડભોઇ ખાતે આવેલ તેન તળાવ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવા અર્થે રૂ. ૩૦૭.૦૦ લાખની પ્રોજેક્ટ કોસ્ટ મંજુર કરેલ છે. સદર કામગીરીની ગ્રાન્ટ કલેકટરશ્રી વડોદરાને ફાળવેલ છે તથા તે અંતર્ગત ઘાટ નાં પગથિયાનું બાયો વોશ, જુના પગથિયાનું રીનોવેશન, તળાવની ફરતે વોક-વે, કમ્યુનીટી હોલ જેવી કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે.